**સુરત મહાનગરપાલિકા,**
**સાઉથ ઝોન (ઉધના),**
સત્યનગર સામે, ઉધના, સુરત
FAX : 91-0261-2272147
PHONE : 2278429-2277043

**કાર્યપાલક ઈજનેર**

**નં. સા.ઝોન /ટેક/આ.૧૧૧૦૮**
**તા.૨૪/૦૩/૨૦૨૬**

**પ્રતિશ્રી,**

.................................... ,

.................................... ,

.................................... ,

**વિષયઃ—** સાઉથ ઝોન (ઉધના) નાં **સબ ઝોન—૧ તથા સબ ઝોન—૩** હેઠળના હદ વિસ્તારમાં આવેલ તમામ રસ્તા એલાઈમેન્ટ, રીઝર્વેશન પ્લોટ, ખાનગી મિલ્કતોના મિલ્કતધારકો દ્વારા કરવામાં આવેલ અનધિકૃત બાંધકામોના ડિમોલીશન/દબાણ દુર કરવાનું કામ.

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, અત્રેના સાઉથ ઝોન (ઉધના) માં સમાવિષ્ટ સબ ઝોન—૧ તથા સબ ઝોન—૩ ના હદ વિસ્તારમાં આવેલ તમામ રસ્તા એલાઈમેન્ટ, રીઝર્વેશન પ્લોટ, ખાનગી મિલ્કતોના મિલ્કતધારકો દ્વારા કરવામાં આવેલ અનધિકૃત બાંધકામોના ડિમોલીશન/દબાણ દુર કરવાનું કામે સ્થા.સ.ઠ.નં.: ૧૮૦૨/૨૦૨૫, તા.૨૬/૦૯/૨૦૨૫ ના રોજથી ૧ (એક) વર્ષ માટે યુનિટ રેઈટ મંજુર થયેલ. સદર મંજુર થયેલ યુનિટ રેઇટના ભાવ અને શરતોને આધિન **વિષયમાં દર્શાવેલ સબ ઝોન—૧ તથા સબ ઝોન—૩ વિસ્તારમાં** રૂા.૫,૦૦,૦૦૦.૦૦ પૈ. ની મર્યાદામાં ઉક્ત વિષય મુજબની કામગીરી કરવા માટે આપશ્રી સંમત હોવ તો, આપશ્રીનું લેખિત સંમતિ પત્રક બંધ કવરમાં **<u>તા.૦૯/૦૪/૨૦૨૬</u>** સુધીમાં સાઉથ ઝોન (ઉધના) ખાતે મોકલી આપવા વિનંતી. ઉપરોકત જણાવેલ તારીખ પછી સંમતિ પત્રક સ્વીકારવામાં આવશે નહીં.

## <u>—: શરતો :—</u>

૧. અર્નેસ્ટમની ડીપોઝીટ (EMD) ની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ/પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂ.૫,૦૦૦/—ની આપવાની રહેશે.

૨. ઈજારદારે "ઈ—૧" વર્ગનું રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. ઈજારદારે અંદાજીત રકમના ૨૦% એટલે કે રૂા.૧,૦૦,૦૦૦/— કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલ્વન્સી સર્ટીફિકેટ સંમતિપત્રક સાથે આપવાનું રહેશે.

૪. ઈજારદારે છેલ્લાં ૦૩ (ત્રણ) વર્ષના આઈ. ટી. રીટર્ન સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૫. ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૬. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૭. કોઈપણ અથવા બધા જ સંમતિપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહીં.

૮. તમામ સરકારી / અર્ધ સરકારી લાગુ પડતા ટેક્ષ સંબંધિત કાયદાઓનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૯. કામદાર પાસે સેફટી હેલ્મેટ, સેફટી જેકેટ, સેફટી શૂઝ, સેફટી બેલ્ટ, સેફટી ગ્લોવ્સ વગેરે હોવા જોઈએ

અને તેણે ડિમોલિશન એક્ટિવિટી દરમિયાન આ બધી એસેસરીઝ વપરાશમાં લેવાની રહેશે.

૧૦. ડિમોલિશન કામગીરી શરૂ કરતા પહેલા કોન્ટ્રાકટરે બેરિકેડિંગ કરવાનું રહેશે તેમજ જાહેર જનતા અને ટ્રાફિકની સલામતી જાળવવાની મુખ્ય જવાબદારી કોન્ટ્રાકટર/બિડરની રહેશે.

૧૧. ડિમોલિશનના કામ દરમિયાન કોન્ટ્રાકટરે આ પ્રકારના કામ માટે શારીરિક રીતે યોગ્ય અને કુશળ કામદારોની નિમણૂંક કરવાની રહેશે.

૧૨. કોન્ટ્રાકટરે ડિમોલિશનના કામ માટે લીધેલ તમામ કામદારો માટે વર્કમેન કંમ્પન્સેશનની નીતિ લેવી પડશે અને તેના ધારા ધોરણો મુજબ વીમા પોલીસી લીધા વિના કોઈ ચુકવણી આપવામાં આવશે નહીં.

**SD/-**
**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઝોન (ઉધના)**
**સુરત મહાનગરપાલિકા**